Extra No. 321

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 9, 2025 / BHADRA 18, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) ઈ.ચા. અધિક્ષકશ્રી, રાજપીપળા જિલ્લા જેલના પત્ર જા.નં. એસ. જે/૧૫૬૭/૨૦૨૫, તા.૨૮/૦૮/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૦૯૯૩ થી ૧૧૦૨૮ /૨૦૨૫.-ઈ.ચા. અધિક્ષકશ્રી, રાજપીપળા જિલ્લા જેલ દ્વારા વંચાણ-(૧)ના પત્રથી રાજપીપળા જિલ્લા જેલની શિસ્ત અને સલામતિ જળવાઈ રહે તે હેતુસર જેલ પ્રિમાઈસીસ(સંકુલ)માં મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂરસંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે નહીં પ્રવેશવા તથા તેનો ઉપયોગ નહીં કરવા અંગે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતનગર ગામ ખાતે આવેલ રાજપીપળા જિલ્લા જેલના પ્રિમાઈસીસ(સંકુલ)માં કોઈપણ વ્યક્તિને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂરસંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે પ્રવેશવા તથા તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી તા.૦૩/૧૧/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// અપવાદ //

કોઈપણ રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમિયાન આ હુકમ લાગુ પડશે નહીં.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિક્ષકશ્રી, રાજપીપળા જિલ્લા જેલ તેમજ નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૦૮-૦૯-૨૦૨૫.

સી. કે. ઉધાડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:16:18 IST